FORTUNA PR

| Publication | Western Times –Gujarati | Date | 21-06 -2017 | Page No. | 07 |
|---|---|---|---|---|---|
| Client Name | Kamdhenu | Edition | Ahmedabad | | |

# કામધેનુ લિમિટેડે ઉત્પાદન ક્ષમતા વધારીને અંદાજે ૨ લાખ એમટી કરવાની યોજના



**અમદાવાદ,**

હોમ બિલ્ડિંગ મટિરિયલ્સ માટે સંપૂર્ણ અને વન-સ્ટોપ સોલ્યુશન પૂરી પાડતી કંપની કામધેનુ લિમિટેડે નેક્સ્ટ જનરેશન હાઈ-એન્ડ ઈન્ટરલોક સ્ટીલ ટીએમટી બાર 'કામધેનુ નેક્સ્ટ' લોન્ચ કર્યા છે. કામધેનુ લિમિટેડના ડિરેક્ટર શ્રી સુનિલ અગ્રવાલ તથા યુઝર લાયસન્સ એગ્રીમેન્ટ હેઠળ કામધેનુ બ્રાન્ડ ટીએમના અધિકૃત ઉત્પાદક એકમના ડિરેક્ટર્સ, સોમ્સવેર ઈસ્પાત પ્રાઈવેટ લિમિટેડના શ્રી યોગેશભાઈ પટેલ, અગ્રવાલ ટીએમટી ઈન્ડસ્ટ્રિઝ પ્રાઈવેટ લિમિટેડના શ્રી રાજન જૈન અને શ્રી પ્રદિપ અગ્રવાલે બ્રાન્ડ લોન્ચ કરી હતી. આ પ્રસંગે અમદાવાદ અને આસપાસના વિસ્તારોના ૨૦૦થી વધુ ડિલર્સ અનો ડિસ્ટ્રિબ્યુટર્સ પણ ઉપસ્થિત રહેવાની આશા છે.

કામધેનુ નેક્સ્ટ એક નવીન પ્રોડક્ટ છે, જેમાં નવા પ્રકારની એન્જિનિયરિંગ સાથે મજબૂત માળખા બનાવવાની તથા કોંક્રીટ-સ્ટીલ ઈન્ટરલોક દ્વારા ૨.૫ ગણી મજબૂતાઈ પૂરી પાડવાના સ્માર્ટ આર્કિટેક્ચરલ કોન્સેપ્ટ જેવી વિશેષતાઓનો સમાવેશ થાય છે. કોંક્રીટ સાથે મજબૂત જોડાણ વિકસાવી શકાય તેવા સ્ટીલ બારની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ડિઝાઈન કરાયેલા કામધેનુ નેક્સ્ટ માત્ર ટેકનોલોજીથી જ અદ્યતન નથી, પરંતુ તે ગ્રાહકની વાજવી પ્રોડક્ટ્સની જરૂરિયાતને પણ પૂર્ણ કરે છે.

આ લોન્ચની જાહેરાત કરતાં કામધેનુ લિમિટેડના ડિરેક્ટર શ્રી સુનિલ અગ્રવાલે જણાવ્યું હતું કે, "અમદાવાદ વિકાસની પરાકાષ્ઠાએ છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટની પરિકલ્પના, ઝડપી માળખાકીય વિકાસ અને ગગનચુંબી ઈમારતો શહેરની સ્કાયલાઈનાનો પુનઃવ્યાખ્યાયિત કરી રહી છે. અમે આ વિકાસ ગાથાનો હિસ્સો બનવા અંગે ખુશી અનુભવીએ છીએ કારણકે કામધેનુ નેક્સ્ટ આગામી પ્રોજેક્ટ્સના માળખાને મજબૂત બનાવશે. કામધેનુ નેક્સ્ટ ગુણવત્તાયુક્ત સંશોધનનું શ્રેષ્ઠ પરિણામ હોવાની સાથે-સાથે બેસ્ટ-ઈન-ક્લાસ પ્રોડક્ટ્સ વિકસાવીને શ્રેષ્ઠ ઔદ્યોગિક કામગીરી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આગામી વર્ષે અમે રાજ્યમાં અમારી ઉત્પાદન ક્ષમતા વધારીને ૨ લાખ એમટી કરવાની યોજના ધરાવીએ છીએ અને આશા છે કે કામધેનુ નેક્સ્ટને સ્વતંત્ર હોમ બિલ્ડર્સ અને ડેવલપર્સ તરફથી ખુબજ સારો પ્રતિસાદ સાંપડશે."